(v) After applying through online, candidate is required to take a print out of the **Confirmation Page** with unique Registration Number generated by the system, affix a **recent passport size photograph, sign the application** and send the same by post along with the **Demand Draft (in original)** and **self attested copies of all certificates** for proof of age, qualifications, mark sheets, experience, caste, disability etc, to **The Chief General Manager (HR & Training), Cochin Shipyard Ltd, Kochi-682015**. The envelope containing the print out of the online application and certificates should be superscribed on top as **"Application for the post of ……(Post name) &** Registration No. ……..".

(vi) **It is important to note that, the candidature will be considered only on receipt of** the online application print out (Confirmation page) with Registration number along with copies of relevant certificates and Demand Draft as applicable. Last Date of receipt of Online Application Print Out, self-attested copies of certificates/mark sheets and DD by post is 05 March 2016.

❑ **Application Fee :** (i) Application fee of ' 200/-(Non-refundable) is applicable for all posts. Fee in the form of a crossed Demand Draft (DD) drawn in favor of COCHIN SHIPYARD LIMITED on any Nationalised bank payable at Kochi should be sent in original along with the online application print out. No other mode of payment will be accepted. DD should be taken after the date of publication of this advertisement. (ii) **Candidates belonging to Scheduled Caste (SC)/ Scheduled Tribe (ST) / Person with** Disability (PWD) need not pay application fee. They are exempted from payment of application fee. ●

ટોક્સીકોલોજી એટલે કે વિષ વિજ્ઞાનમાં કારકિર્દીની તકો

વિષ વિજ્ઞાન એટલે કે ટોક્સીકોલોજી એ વિજ્ઞાનની બાયોલોજી કેમિસ્ટ્રી અને ફાર્માકોલોજીની એક શાખા છે અને તેનો સંબંધ વિવિધ રસાયણોની મનુષ્ય અને જીવો ઉપર થતી હાનીકારક આડઅસરોના અભ્યાસને લગતો છે. તેમાં જીવ વિજ્ઞાનમાં રાસાયણિક, જૈવિક કે શારીરિક પ્રક્રિયા દ્વારા થતી નુકશાનકારક અસરોનો જીવન પદ્ધતિ પર પડતા પ્રભાવનો અભ્યાસ પણ સામેલ છે. ટોક્સીકોલોજીમાં વ્યક્તિને આપવામાં આવતો ડોઝ કે દવાની માત્રા અને તેની સંબંધિત અંગ ઉપર થતી અસરને ખૂબ જ મહત્વ આપવામાં આવે છે.

ટોક્સીકોલોજી એટલે કે વિષ વિજ્ઞાનમાં વિષ કે રસાયણની અસર, તેના લક્ષણો, તેનો સારવારમાં પ્રયોગ વગેરેનું નિરીક્ષણ, સંશોધન અને અભ્યાસ કરવામાં આવે છે. ટોક્સીકોલોજીનો મુખ્ય હેતુ જે-તે પદાર્થની આડ અસરો માપવાનો છે. જેમાં પ્રથમ આ દ્રવ્ય કઇ રીતે શરીરમાં આપવું અને ત્યારબાદ તેની યોગ્ય માત્રાનું નિર્ધારણ કરવાનો સમાવેશ થાય છે.

કેન્સર સહિતની અનેક પ્રાણ ઘાતક બિમારીઓમાં ટોક્સીકોલોજીનો અભ્યાસ મહત્વપૂર્ણ મદદ પુરી પાડે છે.

ટોક્સીકોલોજીની શાખાઓ :- ટોક્સીકોલોજીના વિવિધ પાસાઓ ઉપર પ્રકાશ પાડતી અનેક શાખાઓ છે. જેમાં એક્વેટિક ટોક્સીલોજી, મેડિકલ ટોક્સીકોલોજી, કેમીકલ ટોક્સીકોલોજી, એન્વાયરમેન્ટલ ટોક્સીકોલોજી, ક્લીનીકલ ટોક્સીકોલોજી, ઇકો ટોક્સીકોલોજી, ફોરેન્સિક ક ટોક્સીકોલોજી , ઓક્યુપેશનલ ટોક્સીકોલોજી, રેગ્યુલેટરી ટોક્સીકોલોજી અને ટોક્સીકોલોજીક્સનો સમાવેશ થાય છે.

ટોક્સીકોલોજીમાં કારકીર્દી :- વ્યવસાયની દ્રષ્ટિએ ટોક્સીકોલોજી એ ખૂબ જ મહત્વપૂર્ણ ક્ષેત્ર છે. કેમ કે લોકો કોઇ પણ પદાર્થ, દવાઓ કે રસાયણના પ્રયોગ વખતે તેની નુકશાનકારક આડ અસરોથી ખૂબ ચિંતિત હોય છે. ટોક્સીકોલોજીના નિષ્ણાંતની મદદ વગર આપણે જાણી શકતાં નથી કે કોઇ ઝેરી પદાર્થ કે રસાયણ આપણને કે કોઇ પણ જીવને અથવા આપણા પર્યાવરણને કેવી રીતે અને કેટલા પ્રમાણમાં નુકશાન પહોંચાડી શકે છે. તેમાં આપણા વિવિધ અંગો ઉપર રાસાયણિક પ્રક્રિયાની અસરો પણ તપાસવામાં આવે છે.

ટોક્સીકોલોજીમાં બે મુખ્ય ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. જેનાં પ્રથમ ઝેરી રસાયણથી માનવ જીવન ઉપર થતા અસર અને બીજું ઝેરી રસાયણોથી આપણા પર્યાવરણ ઉપર થતી અસરો. આ ખૂબ જ ગહન વિષય છે, અને તેમાં સ્નાતક, અનુસ્નાતક અને તેનાથી ઉચ્ચ અભ્યાસક્રમો પણ ઉપલબ્ધ છે.

ટોક્સીકોલોજીમાં અભ્યાસક્રમો :- આ ક્ષેત્રમાં વિજ્ઞાનની અન્ય ઘણી શાખાઓ પણ સામેલ થતી હોય છે. જેમાં બાયોલોજી, મેથેમેટિક્સ, વેટરનરી સાયન્સ, પેથોલોજી, ફિઝીયોલોજી, ઇમ્યુનોલોજી, અને જીનેટિક્સ વગેરે સામેલ છે. ટોક્સીકોલોજીમાં અભ્યાસ માટે બોટની, કેમિસ્ટ્રી, ન્યુઓલોજી, બાયો કેમિસ્ટ્રી, મેડીસીન, વેટરનરી સાયન્સ ફાર્મસી, બાયોટેકનોલોજી, માઇક્રો બાયોલોજી, એન્વાયરમેન્ટ બાયોલોજી અને જીવ વિજ્ઞાનને લગતી અન્ય શાખામાં પણ સ્નાતકની ડિગ્રી મેળવી શકાય છે. વિજ્ઞાનનો સ્નાતક તેની રૂચિ મુજબ પ્રવેશ મેળવીને આગળનો અભ્યાસ કરી શકે છે. દેશમાં અને વિદેશમાં વિવિધ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ આ માટે વિવિધ અભ્યાસક્રમો ચલાવે છે.

કેટલાક અભ્યાસક્રમો આ પ્રમાણે છે :-

- બી.એસસી. ઇન ટોક્સીકોલોજી એન્ડ બાયોલોજી
- એમ.એસસી. ઇન ટોક્સીકોલોજી અથવા એન્વાયરમેન્ટ ટોક્સીકોલોજી
- પી.જી. ડિપ્લોમાં ઇન ઇકો ટોક્સીકોલોજી
- ટૂંકા ગાળાના અભ્યાસક્રમો , ડિપ્લોમા ઇન એકવેટિક ઇકોલોજી, મેનો બાયોટિક્સ, ઓડિટર વગેરે
- પીએચ.ડી. ઇન ટોક્સીકોલોજી અથવા એન્વાયરમેન્ટ ટોક્સીકોલોજી.

પ્રવેશી પરીક્ષાઓ :- કેટલીક મહત્વપૂર્ણ પરીક્ષાઓ આ પ્રમાણે છે.

(૧) ઓલ ઇન્ડિયા પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (૨) કમ્બાઇન્ડ બાયો ટેકનોલોજી એન્ટ્રન્સ એક્ઝામિનેશન (૩) દિલ્હી યુનિવર્સિટી મેડિકલ એન્ટ્રન્સ ટેસ્ટ (૪) નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ જોઇન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (૫) નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરો સાયન્સિઝ એન્ટ્રન્સ એક્ઝામ (૬) પંજાબ મેડિકલ એન્ટ્રન્સ ટેસ્ટ (૭) રાજીવ ગાંધી યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સિઝ પોસ્ટ ગ્રેજ્યુએટ એન્ટ્રન્સ ટેસ્ટ

અભ્યાસક્રમ માટેની સંસ્થાઓ :-

- ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ બાયોટેકનોલોજી એન્ડ ટોક્સીકોલોજી કાંચીપુરમ-તમિલનાડુ
- સેન્ટ્રલ ડ્રગ રીસર્ચ ઇન્સ્ટિટ્યુટ - લખનૌ – ઉત્તરપ્રદેશ
- ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટોક્સીકોલોજી રિસર્ચ - લખનૌ – ઉત્તરપ્રદેશ
- નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ – સાસનગર પંજાબ
- સ્કુલ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ ટેકનોલોજી, આઇ.આઇ.ટી. ખડગપુર
- ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ , બેંગ્લોર
- એસ.સી.એમ.એસ. ઇન્સ્ટિટ્યુટ ઓફ બાયો સાયન્સ એન્ડ ટેકનોલોજી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ – કલામાસેરી – કેરાલા
- એસ.સી.એમ.એસ. ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ – કોચી
- ભવન્સ ન્યુ સાયન્સ કોલેજ – હૈદ્રાબાદ
- ઇન્સ્ટિટ્યુટ ઓફ રીપ્રોડક્ટીવ મેડીસીન કોલકત્તા
- કસ્તુરબા મેડિકલ કોલેજ – મનિપાલ

કારકિર્દી ની તકો :- ટોક્સીકોલોજી કે વિષ વિજ્ઞાન અથવા તેને સંબંધિત કોઇ પણ શાખામાં યોગ્ય અભ્યાક્રમ કે પદવી પ્રાપ્ત કર્યા બાદ આ ક્ષેત્રમાં કારકિર્દી માટે અનેક તકો ઉપલબ્ધ છે. અગાઉ આપણે જોયું તેમ જીવ વિજ્ઞાન, પર્યાવરણ કે વિજ્ઞાનના કોઇ પણ ક્ષેત્રમાં આ કારકીર્દિ હોઇ શકે છે.

વૈજ્ઞાનિક :- સરકારી અને ખાનગી સંશોધન સંસ્થાઓમાં વૈજ્ઞાનિક તરીકે કારકિર્દી શરૂ કરી શકાય છે. જેમાં આગળ અનેક તકો પ્રાપ્ત થાય છે.

લેક્ચરર- પ્રોફેસર :- વ્યાખ્યાતા કે પ્રાધ્યાપક આ ક્ષેત્રે શિક્ષણ આપતી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં કારકિર્દી પુરી પાડે છે.

લેબ ઇન્ચાર્જ :- વિવિધ પરીક્ષણ પ્રયોગ શાળામાં લેબ ઇન્ચાર્જ બની શકાય છે.

સાયન્ટિફિક ઓફિસર :- સરકારી અથવા બિનસરકારી સંસ્થાઓમાં સાયન્ટિફીક ઓફિસર તરીકે જોડાઇ શકાય છે. ખાનગી કંપનીઓમાં પ્રબંધન અને વ્યવસ્થાપન ક્ષેત્રે મેનેજર તરીકે જોડાઇ શકાય છે.

કન્સલટન્ટ :- અથવા તો સલાહકાર તરીકે સરકાર, ખાનગી કંપનીઓ કે બિનસરકારી સંસ્થાઓમાં સેવા આપી શકાય છે.

લેખક :- આ વિશેના લેખો કે પુસ્તકો લખીને તેને પ્રકાશિત કરી શકાય છે. પ્રકાશન ગૃહોમાં આ પ્રકારના વિદ્વાન લેખકોની મોટી માંગ હોય છે.

સાયન્ટિફિક જર્નાલીસ્ટ ઓડીટર્સ :- પત્રકારત્વમાં આ વિષય પરના રીપોર્ટીંગ કે પત્રકારત્વ માટે અથવા સંપાદન કાર્ય માટે જોડાઇ શકાય છે. વિજ્ઞાનને લગતા સામયિકો અને ચેનલોમાં કારકિર્દી બની શકે છે.

વિશ્લેષક :- એનાલીસ્ટ તરીકે કોઇ પણ પરીક્ષણ પ્રયોગશાળામાં કારકિર્દી ઉપલબ્ધ હોય છે.

આ ઉપરાંત સરકારના મંત્રાલયો અને વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રની રાષ્ટ્રીય સંસ્થાઓમાં વિવિધ કક્ષાએ કારકિર્દીની તકો ઉપલબ્ધ હોય છે.

(સૌજન્ય : એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ)– અનુવાદ : આરતી પંડ્યા

(અનુસંધાન પાન નં. ૭નું ચાલુ)

- શૈક્ષણિક પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર, ડ્રાઈવિંગ લાઇસન્સ અને અન્ય દસ્તાવેજોકે પુરાવાઓ સ્ટેજ-૧ (પીએસટી,પીઇટી) વખતે મુળ લાવવાના છે. મુળ દસ્તાવેજો ન રજુ કરનાર ઉમેદવારોને શરૂઆતમાં ગેરલાયક ઠેરવવામાં આવશે.
- અનામતના લાભ લેતા એસસી, એસટી,, ઓબીસી અને માજી સૈનિકોએ એવી ખાતરી કરવી કે તેમને વિજ્ઞાપનમાં આપવામાં આવેલા માનકો પ્રમાણે અનામત મળે. તેમના દાવા માટે તેમની પાસે ભારત સરકાર દ્વારા નિર્ધારિત પ્રમાણપત્ર હોવું જોઇએ.
- મેટ્રીક્યુલેશન, સેકન્ડરી પ્રમાણપત્ર પરીક્ષામાં જણાવેલી જન્મતારીખ અથવા સમાન પ્રમાણપત્ર ભરતીના કોર્સ દરમિયાન વય માપદંડ માટે સ્વીકારવામાં આવશે અને ત્યારપછી તેમાં સુધારા માટે કોઈ પણ વિનંતી ધ્યાનમાં નહિ લેવામાં આવે.
- પરીક્ષાના તમામ સ્તરે ઉમેદવારોનું એડમિશન સંપૂર્ણપણે પ્રોવિઝનલ હશે તે ભરતી પ્રણાલીના માનકો અધિન હશે. ભરતી પ્રણાલીના અંતે તબીબી પરીક્ષામાં ભાગ લેવાથી નિમણુંક મળી જતી નથી. જગ્યાઓની ફાળવણી પ્રમાણે દરેક કેટેગરી માટે, દરેક જગ્યા માટે મેરિટ યાદીમાંથી નિમણુંક ઓફર કરવામાં આવશે.
- નિમણુંક માટે પસંદગી પામેલા ઉમેદવારોએ સીઆરપીએફ મેડીકલ અધિકારીની હાજરીમાં અથવા તો અધિકૃત અધિકારીની હાજરીમાં.ચેસ્ટ,એક્ષ રે, પેથોલોજીકલ ટેસ્ટ આપવાના છે
- આ જગ્યા સંપૂર્ણપણે હંગામી છે. પરંતુ કાયમી થવાની સંભાવના છે.
- પસંદગી પામેલા ઉમેદવારોએ સીઆરપીએફના તાલીમ કેન્દ્ર ખાતે નિર્ધારિત સમયગાળાની તાલીમ આપવાની રહેશે. જો કોઇ ઉમેદવાર નિર્ધારિત તાલીમ પુરી ન કરે તો તેની સેવા રદ થશે.
- ભરતી માટે આજીજી કરવી અથવા તો બહારની લાગવગ લાવવાથી ઉમેદવારને ભરતીમાંથી રદ કરી નાખવામાં આવશે.
- યોગ્ય કૌશલ્ય, ક્ષમતા, ફિટનેસ અને સંબંધિત ટ્રેડનું જ્ઞાન ધરાવતા ઉમેદવારોએ જ અરજી કરવી.
- અરજી કરતા પહેલા નોંધણી માટે હાજર રહેવા માંગતા તમામ ઉમેદવારો શૈક્ષણિક અને ટેકનીકલ લાયકાત, વય, શારીરિક માપદંડની જરૂરીયાત ચકાસી લેવી અને તે જગ્યા માટે પાત્ર હોય.
- ભરતી કેન્દ્રોમાં મોબાઈલ અને અન્ય ઈલેક્ટ્રોનિકસ ઉપકરણો પર પ્રતિબંધ છે.
- ભરતી સબંધિત વિસ્તૃત પ્રક્રિયા જાણકારી સીઆરપીએફની વેબસાઈટ www.crpf.nic.in અથવા તો નીચેના ફોન નંબર અને ઈમેઈલ આઈડી પરથી મેળવી શકાય છે.

રાજ્ય	કચેરીનું નામ	હેલ્પલાઈન નં.ઈ મેઈલ આઈડી:
ગુજરાત	જીસી સીઆરપીએફ -ગાંધીનગર	૦૭૯-૨૩૨૦૧૩૨૬ gcgnr@crpf.gov.in

- સરકાર વર્કફોર્સ હોવા માટેનો પ્રયાસ કરે છે જે જાતિ સમાનતાની હિમાયત કરે છે અને મહિલા ઉમેદવારોને કોન્સ્ટેબલ(બ્યુગલર, ગાર્ડનર અને કુક, વોટર કેરિયર, હેર ડ્રેસર, વોટર વુમન, ટેઈલર, સફાઈ કર્મચારી)ની જગ્યાઓ માટેની ભરતીમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન આપે છે. **હેલ્પલાઈન નં. : ૦૭૯-૨૩૨૦૧૦૯૩,૨૩૨૨૦૧૩૨૬**

ડીઆઈજીપી(વહિ) સધર્ન સેક્ટર,સીઆરપીએફ.

અન્ય જાહેરખબર

- **નેશનલ હાઈડ્રોગ્રાફીકસ ઓફિસ : દહેરાદૂન**
  જગ્યાનું નામ : ડ્રાફ્ટસમેન (કાર્ટોગ્રાફર), ડાર્કરૂમ આસિસ્ટન્ટ
  જગ્યાની સંખ્યા : ૦૬
  અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૫-૨-૨૦૧૬
- **રાષ્ટ્રપતિશ્રીનું સચિવાલય : નવી દિલ્હી**
  જગ્યાનું નામ : માળી (નવી દિલ્હી, હૈદરાબાદ, સિમલા)
  જગ્યાની સંખ્યા : ૬૬
  અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૯-૨-૨૦૧૬
  વેબ સાઈટ : http://rashtrapatisachivalay.gov.in
- **એઇમ્સ : પટના**
  જગ્યાનું નામ : સ્ટાફ નર્સ ગ્રેડ-૨, હોસ્પિટલ એટેન્ડન્ટ ગ્રેડ-૩ (નર્સીંગ ઓર્ડરલી)
  જગ્યાની સંખ્યા : ૭
  ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ : ૨૭-૨-૨૦૧૬
  વેબ સાઈટ : www.aiimspatna.org
- **સાયન્ટિફીક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ : નવી દિલ્હી**
  જગ્યાનું નામ : જુનિ. રિસર્ચ ફેલોશીપ, નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ (નેટ) સંયુક્ત પરિક્ષા
  જગ્યાની સંખ્યા : ---
  ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ : ૧-૩-૨૦૧૬
  વેબ સાઈટ : www.csirhrdg.res.in
- **એનટીપીસી લિમીટેડ : નવી દિલ્હી**
  જગ્યાનું નામ : એક્ઝિક્યુટીવ ટ્રેઈની (ફિનાન્સ, એચઆર), આસિસ્ટન્ટ ટ્રેઈની
  જગ્યાની સંખ્યા : ૯૬
  ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ : ૨૯-૨-૨૦૧૬
  વેબ સાઈટ : www.ntpccareers.net
- **સાઉર્થન રિજીયન ફાર્મ મશીનરી ટ્રેઈની એન્ડ ટેસ્ટીંગ ઈન્સ્ટિટ્યૂટ : અનંતપુર (આંધ્રપ્રદેશ)**
  જગ્યાનું નામ : ટેકનીકલ આસિસ્ટન્ટ, સિનિયર ટેકનીશીયન
  જગ્યાની સંખ્યા : ૯
  અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૦-૩-૨૦૧૬
  વેબ સાઈટ : http://srfmtti.dacnet.nic.in
- **સીએસઆઈઆર-સેન્ટ્રલ સાયન્ટિફીક ઈન્સ્ટ્રુમેન્ટ ઓર્ગેનીઝેશન : ચંડીગઢ**
  જગ્યાનું નામ : ટેકનિકલ આસિસ્ટન્ટ, હોર્ટીકલ્ચર આસિસ્ટન્ટ, જુનિ. એન્જિનિયર (સિવીલ)
  જગ્યાની સંખ્યા : ૧૦
  ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ : ૮-૩-૨૦૧૬
  વેબ સાઈટ : www.csio.res.in

(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ તા. ૬-૨-૨૦૧૬)

- **મુંબઈ પોર્ટ ટ્રસ્ટ**
  જગ્યાનું નામ : આસિસ્ટન્ટ ટ્રાફિક મેનેજર - ગ્રેડ-૧, આસિસ્ટન્ટ એક્ઝિક્યુટીવ એન્જિનિયર (મિકેનિકલ / ઈલેક્ટ્રીકલ) આસિસ્ટન્ટ એસ્ટેટ મેનેજર ગ્રેડ-૧, આસિસ્ટન્ટ સિક્યુરિટી ઓફિસર, જુનિ. એન્જિનિયર ગ્રેડ-૩ (ટીઈ, મિકે., ઈલે.) જુનિયર એન્જિનિયર ગ્રેડ-૪
  જગ્યાની સંખ્યા : ૨૩
  ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ : ૨૨-૨-૨૦૧૬
  વેબ સાઈટ : http://mumbaiport.gov.in
- **ઈન્ડિયન એગ્રિકલચર રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ : નવી દિલ્હી**
  જગ્યાનું નામ : લોઅર ડિવિઝન કલાર્ક
  જગ્યાની સંખ્યા : ૨૧
  ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ : ૪-૩-૨૦૧૬
  વેબ સાઈટ : http://iari.res.in
- **સેન્ટ્રલ કાઉન્સીલ ફોર રિસર્ચ ઈન આયુર્વેદિક સાયન્સીસ : નવી દિલ્હી**
  જગ્યાનું નામ : રિસર્ચ ઓફિસર (આયુર્વેદ, હોમિયોપેથ, પેથોલોજી, બાયોકેમેસ્ટ્રી, મેડીસીન, ફાર્માકોગ્નોજી, કેમેસ્ટ્રી, ફાર્માકોલોજી, પબ્લીકેશન) સ્ટેટેસ્ટીકલ ઓફિસર
  જગ્યાની સંખ્યા : ૧૫૫
  ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ : ૫-૩-૨૦૧૬
  વેબ સાઈટ : http://ccras.nic.in

ઓનલાઈનના યુગમાં કારકિર્દીની તકો

રોજગારની આસપાસ

રાજેન્દ્ર ઉપાધ્યાય

જમાના પ્રમાણે કારકિર્દી સ્ત્રોતો બદલાતા રહે છે. ઈ-કોમર્સ (ઈલેક્ટ્રોનિક કોમર્સ તેમજ એમ-કોમર્સ (મોબાઈલ કોમર્સ)ના આ યુગમાં ઓનલાઈન ક્ષેત્રે કારકિર્દીના નવા નવા સ્ત્રોતો ખુલી રહ્યા છે. ઓનલાઈન શોપીંગમાં જે તે ચીજવસ્તુ પ્રત્યક્ષ જોવા મળતી નથી, કબુલ પણ પરોક્ષ રીતે તેની વિડીયો ક્લીપીંગ્સ, ફોટોગ્રાફ્સ, થ્રી-ડી ઈમેજ પરથી જે તે વસ્તુનો અંદાજ તો જરૂરથી આવી શકે છે. વળી, નવા જ પ્રકારની વસ્તુઓનું ડેમોસ્ટ્રેશન પણ દર્શાવી શકાય છે. કંપનીઓને શો-રૂમ્સ પાછળ ખર્ચો કરવો પડતો નથી, છતાંય દુનિયાના ખૂણે-ખૂણે તે જાહેરાતના વિવિધ માધ્યમ દ્વારા પહોંચી શકે છે. કંપનીઓ પોતાને આ થયેલા કોસ્ટ કટીંગનો લાભ પોતાના કસ્ટમરને આપે છે. પરિણામે સરવાળે કસ્ટમરને પણ લાભ થાય છે. ઓનલાઈન શોપીંગ એ તો ઈલેક્ટ્રોનિક કોમર્સ (ઈ-કોમર્સ) તેમજ મોબાઈલ-કોમર્સ (એમ-કોમર્સ) નો એક નાનકડો ભાગ છે. વાસ્તવમાં ઈ-કોમર્સ અને એમ-કોમર્સના ક્ષેત્રમાં રોજગારીની અનેક તકો રહેલી છે. જે પૈકીની કેટલીક તકો અત્રે આ લેખમાં જણાવાઈ છે.

૧. કારકિર્દીનું નામ : વેબસાઈટ એપ્સ ડેવલપર તેમજ મોબાઈલ એપ્સ ડેવલપર

કારકિર્દીની ટૂંકી માહિતી : કંપનીની વેબસાઈટ એપ્સ તેમજ મોબાઈલ એપ્સને ડેવલપ કરવા માટે આવા ડેવલપરની જરૂર પડે, કારણકે અત્યારના યુગમાં સ્વતંત્ર રીતે ધંધો-વ્યવસાય કરનારાઓ, ભાગીદારી પેઢીથી શરૂ કરીને નાની-મોટી તમામ પ્રકારની કંપનીઓ માટે પોતાની વેબસાઈટ હોવી આવશ્યક જ નહીં પણ અનિવાર્ય છે. વેબસાઈટ ન ધરાવતી કંપનીઓની સફળતા અંગે ત્રાહિત પક્ષકારોમાં શંકા ઉદ્ભવે છે. જ્યારે સ્વતંત્ર ધંધો કરનાર પોતાની વેબસાઈટ ધરાવતા હોય, તો ત્રાહિત પક્ષકારોમાં એક સારી ઈમેજ પેદા થાય છે.

વેબસાઈટ/મોબાઈલ એપ્સ ડેવલપર બન્યા બાદ, IT તેમજ સોફટવેર કંપનીઓમાં રોજગારીની તક રહે છે. વિદેશોમાં જવા ઈચ્છૂકોને અમુક વર્ષોના અનુભવ બાદ કંપની દ્વારા વિદેશમાં મોકલવામાં પણ આવે છે. પ્રાઈવેટ સેક્ટરમાં ક્વોલિટી તેમજ અદ્યતન માંગ મુજબ રોજગારી મળી રહે છે.

હાલમાં DCA / BCA / MCA / PGDCA / B.Tech. / M.Tech. કે B.E. (કમ્પ્યૂટર) કરી રહેલા વિદ્યાર્થીઓ જો ભવિષ્યમાં વેબસાઈટ/મોબાઈલ એપ્સ ડેવલપર બનવું હોય તો તેમણે તેમના હાલના અભ્યાસમાં કોડીંગ કે પ્રોગ્રામીંગ વિષયોમાં વધુ ધ્યાન રાખીને તેના પર ભાર મૂકવો.

રોજગારીના આ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે કારકિર્દીની શરૂઆતમાં ૧૨ કલાકની મહેનત કરવાની તૈયારી રાખવી પડે, તેમજ હંમેશા નવુ નવુ તેમજ વધુ શીખવાની ધગશ રાખવી જોઈએ.

અભ્યાસક્રમનું નામ : સર્ટિફીકેશન ઈન વેબ ડેલવપમેન્ટ અને સર્ટિફીકેશન ઈન મોબાઈલ એપ્સ ડેવલપમેન્ટ

અભ્યાસક્રમની મુદત : ૬ માસ

અભ્યાસક્રમની ફી : રૂ. ૧૫,૦૦૦ થી રૂ. ૨૫,૦૦૦

અભ્યાસક્રમ બાદ મળતી રોજગારીનું અંદાજિત વેતન : શરૂઆત રૂ. ૮,૦૦૦ માસિકથી શરૂ કરીને રૂ. ૧૫,૦૦૦ ત્યારબાદ અનુભવ વધતા આજના યુગ મુજબ રૂ. ૫૦,૦૦૦ સુધી પહોંચી શકાય.

૨. કારકિર્દીનું નામ : UI ડિઝાઈનર (User Interface Designer)

કારકિર્દીની ટૂંકી માહિતી : વેબસાઈટ એપ્સ ડેવલપર તેમજ મોબાઈલ એપ્સ ડેવલપર કંપનીની વેબસાઈટ એપ્સ તેમજ મોબાઈલ એપ્સને ડેવલપ કરે છે. જ્યારે વેબસાઈટ કે એપ્સ ડેવલપ થઈ ગયા બાદ, જે તે વેબસાઈટ જોવી ગમે તેવું બનાવવાનું કળાનું ક્રિએટીવ કામ UI ડિઝાઈનરનું છે. જેમાં મોબાઈલની નાની સ્ક્રીનમાં જોવાનું ફાવે તે રીતે ગોઠવવું પડે છે.

અહીં ટેકનિકલ નોલેજ કે પ્રોગ્રામીંગ નોલેજ થોડું ઓછું હોય, તે ચાલી શકે પણ ડિઝાઈનીંગ, કલર કોમ્બિનેશનની સમજ તેમજ ટૂલ્સનું નોલેજ હોવું આવશ્યક જ નહીં, પણ અનિવાર્ય છે. ઘણી નાની તેમજ નવી કંપનીઓ કોસ્ટ કટીંગ કરવાના આશયથી ડેવલપરને જ ડીઝાઈનરનું કામ સોંપી દે છે. પરંતુ વ્યવહારુ દૃષ્ટિકોણથી ડેવલપર અને ડીઝાઈનરનું કામ જે તે પ્રકારનું જ્ઞાન, સમજ ધરાવતી વ્યક્તિને જ સોંપવું જોઈએ.

'First Impression is the Last Impression' એ ન્યાયે અહીં Love at first sight ની જેમ જોતા જ મોહી પડાય તેવી ડિઝાઈન બનાવવી) જરૂર છે કે જે Look & Feel ની ભૂમિકા ભજવે. Sky is the limit જેવા આ ક્ષેત્રમાં IT કંપનીઓ, સોફ્ટવેર, હાર્ડવેર કંપનીઓ તેમજ i phone જેવી કંપનીમાં રોજગારી મળવાની તક રહે છે.

અભ્યાસક્રમનું નામ : સર્ટિફિકેટ ઈન એપ્સ ડિઝાઈનીંગ અને સર્ટિફિકેટ ઈન વેબ ડિઝાઈનીંગ

અભ્યાસક્રમની મુદત : ૨ થી ૬ માસ

અભ્યાસક્રમની ફી : રૂ. ૧૫,૦૦૦ થી રૂ. ૨૫૦૦૦

અભ્યાસક્રમ બાદ મળતી રોજગારીનું અંદાજિત વેતન : શરૂઆત રૂ. ૮,૦૦૦ માસિકથી શરૂ કરીને રૂ. ૧૫,૦૦૦ સુધી. ત્યારબાદ વધુને વધુ સારી કામગીરી કરીને આગળ વધતા વધતા આજના યુગ મુજબ રૂ. ૫૦,૦૦૦ સુધી પહોંચી શકાય.

૩. કારકિર્દીનું નામ : ઈ-કોમર્સ સ્ટ્રેટેજીસ્ટ/ઈ-કોમર્સ કન્સલ્ટન્ટ

કારકિર્દીની ટૂંકી માહિતી : ઈ-કોમર્સનો ધંધો વ્યવસાય કરવા માટે જરૂરી સ્ટ્રેટેજી બનાવવી પડે. આવી સ્ટ્રેટેજીમાં સૌ પ્રથમ ટાર્ગેટ ક્રાઉડ નક્કી કરવું પડે. ત્યારબાદ તેના એઈજ ગ્રૂપ, રસ, એજ્યુકેશન વગેરેને આધારે તેને ભૌગોલિક વિસ્તારોને આધારે સમગ્ર વિશ્વમાં તેઓના લોકેશન્સ પણ શોધવા પડે. આ બધાનો સર્વે કરી જરૂરી માહિતી એકત્ર કરી, તેનું એનાલિસીસ કરીને એક ચોક્કસ વ્યૂહરચના કે સ્ટ્રેટેજી તૈયાર કરવાનું કાર્ય ઘણું જ મહત્વનું ગણી શકાય.

ભારતમાં ઈ-કોમર્સની માર્કેટીંગ સ્ટ્રેટેજી મોબાઈલ એપ્સ પર વધુ નિર્ભર છે. કારણકે ભારતમાં મોબાઈલ એપ્સ વધુ લોકપ્રિય છે. આથી કંપની પોતાની વેબસાઈટમાં બેઝિક્સ પ્રેઝન્સ કરે, પણ વધુ ડિટેઈલ્ડ માટે મોબાઈલ એપ્સની વિઝીટ કરવાનું જણાવે.

તેટલું જ નહીં પણ કોઈપણ વેબસાઈટ જોતા હોઈએ, તો તેની આજુબાજુમાં રિલેટેડ વેબસાઈટ તરીકે પણ પોતાની કંપનીની વેબસાઈટ ઘુસાડવાનો પ્રયાસ કરે, આ પ્રકારની પોલિસી ઈ-મેઈલની આસપાસ પણ જોવા મળે.

અભ્યાસક્રમનું નામ : સર્ટિફિકેશન ઈન ઈ-કોમર્સ સ્ટ્રેટેજી/કન્સલ્ટન્સી

ડિપ્લોમા ઈન ઈ-કોમર્સ સ્ટ્રેટેજી/કન્સલ્ટન્સી

અભ્યાસક્રમની મુદત : ૬ માસથી ૧ વર્ષ

અભ્યાસક્રમની ફી : રૂ. ૧૫૦૦૦ થી ૫૦,૦૦૦

અભ્યાસક્રમ બાદ મળતી રોજગારીનું અંદાજિત વેતન : રૂ. ૧૫,૦૦૦ થી રૂ. ૧,૦૦,૦૦૦

અભ્યાસક્રમની વિશેષતાઓ :

ઓનલાઈનના યુગમાં વેબસાઈટ અને મોબાઈલ એપ્સ ડેવલપર ઘણા મળી શકે, પણ IT ડિઝાઈનર પ્રમાણમાં ઓછા મળે, જ્યારે ઈ-કોમર્સ સ્ટ્રેટેજીસ્ટ/કન્સલ્ટન્ટનો તેનાથી પણ ઓછા પ્રમાણમાં મળે.

આ પ્રકારના અભ્યાસક્રમ બાદ નોકરી, સ્વતંત્ર/ભાગીદારીમાં ધંધો તેમજ વ્યવસાય એમ રોજગારીના ત્રણેય મુખ્ય સ્ત્રોત અપનાવી શકાય છે.

અત્યારના આધુનિક યુગમાં દરેક કંપનીઓ પોતાની પ્રોડક્ટ ઓનલાઈન વેચવા આતુર છે. જેમાં ફુટસ-વેજીટેબલ્સનો પણ સમાવેશ થાય છે.

તાજેતરના સમયમાં માત્ર દૃશ્ય ચીજવસ્તુઓ જ નહીં, પણ અદ્રશ્ય સેવાઓ પણ ઓનલાઈન વેચાઈ રહે છે. જેમ કે શિક્ષણ આપતી સંસ્થાઓ. કેટલીક યુનિવર્સિટીઓએ તો પોતાના કેટલાક અભ્યાસક્રમો માટેની એન્ટ્રસ એક્ઝામ પણ ઓનલાઈન કરી દીધી છે. તેટલું જ નહીં પણ કેટલીક યુનિવર્સિટીઓ પોતાના કેટલાક ડિપ્લોમા તેમજ સર્ટિફિકેટ અભ્યાસક્રમો ઓનલાઈન કર્યા છે.

ઉપરોક્ત તમામ સંજોગો માટે ઈ-કોમર્સ સ્ટ્રેટેજી બનાવનારા સ્ટ્રેટેજીસ્ટ તેમજ ઈ-કોમર્સ ક્ષેત્રે કન્સલ્ટન્સી પુરી પાડનાર કન્સલ્ટન્ટની આવશ્યકતા રહે છે.

૪. કારકિર્દીનું નામ : S.E.O (સર્ચ એન્જિન ઓપ્ટીમાઈઝેશન એક્ઝિક્યુટીવ)

કારકિર્દીની ટૂંકી માહિતી : કોઈપણ ઈ-કોમર્સમાં વેબસાઈટની વધુ પ્રમાણમાં વિઝીટ થાય તે માટે ગુગલ અને યાહૂના પ્રથમ પેઈજ પર પોતાની વેબસાઈટ લીન્ક દેખાય, તે માટેની સ્ટ્રેટેજી તૈયાર કરવાનું કામ S.E.O એક્ઝિક્યુટીવનું હોય છે. એક વાર જે તે પ્રકારની માહિતીમાં કંપનીનું નામ / વેબસાઈટ પ્રથમ પેઈજ પર આવી ગયા બાદ S.E.O એક્ઝીક્યુટીવનું કાર્ય પૂર્ણ થઈ જતું નથી. હવે તે કાયમ પ્રથમ પેઈજ પર રહે, તે માટે તેને જાળવવાનું (મેઈનટેઈન) કરવાનું કાર્ય હાથ ધરવું પડે છે, કારણકે અન્ય કંપનીઓના S.E.O પણ આ પ્રકારનું કાર્ય કરતા જ રહેવાના છે.

અહીં કંપનીની વેબસાઈટ વધુ પ્રમાણમાં જોવાય તે માટેની સ્ટ્રેટેજી તૈયાર કરવાની હોવાથી, તે માર્કેટીંગનું પણ કાર્ય છે, અને સાથોસાથ તે અંગે ટેકનોલોજીનો અભ્યાસ કરવો પડતો હોવાથી આ અભ્યાસક્રમ માર્કેટીંગ તેમજ ટેકનોલોજીનો કોમ્બો છે.

અભ્યાસક્રમનું નામ : સર્ટિફિકેશન / ડિપ્લોમા ઈન S.E.O

અભ્યાસક્રમની મુદત : ૨ થી ૬ માસ

અભ્યાસક્રમની ફી : રૂ. ૧૦,૦૦૦ થી રૂ. ૧૫,૦૦૦

અભ્યાસક્રમ બાદ મળતી રોજગારીનું અંદાજિત વેતન : રૂ. ૮,૦૦૦ થી રૂ. ૧૫૦૦૦ થી શરૂઆત.

ઉપરોક્ત તમામ અભ્યાસક્રમોને ઊંડાણપૂર્વક ડિગ્રી અભ્યાસક્રમ તરીકે ભણતા હોય તો SEMCOM વલ્લભવિદ્યાનગર (UGC માન્ય સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા પ્રમાણિત) નો સંપર્ક કરવો. જેની વિગતો અને ઓનલાઈન ક્ષેત્રમાં રોજગારીના વિકલ્પો આગામી અંકમાં જણાવીશું.

(અનુસંધાન પાન નં. ૮ નું ચાલુ)

પોસ્ટ ઓફિસમાં ઈ-ચલન દ્વારા ચૂકવી શકાશે.

❑ **પસંદગીની પ્રક્રિયા :** જેમની અરજીઓ સ્વીકારવામાં આવે તેમને જે તે સેન્ટર દ્વારા કોલ લેટર આપવામાં આવશે. જેના સ્થળ અને તારીખના ઉલ્લેખ સાથે જે તારીખે તેમને હાજર રહેવાનું છે.

તબક્કો-૧ની પ્રારંભિક કસોટી ડ્રાઈવર અને ફીટર માટે અલગ છે, બાકીની બધી ભરતી પ્રક્રિયા બધી જગ્યાઓ માટે સમાન છે.

♦ **તબક્કો : ૧ : પીઈટી/પીએસટી (કોન્સ્ટેબલ ડ્રાઈવર અને ફિટર) (પુરુષ ઉમેદવારો માટે)**

♦ **ઊંચાઈ બાર :** શરૂઆતમાં જ ઉમેદવારોને ઊંચાઈ બાર અંગે જણાવવામાં આવશે ઓછી ઊંચાઈ ધરાવતા ઉમેદવારો ભરતી માટે પાત્ર નથી અને તેમને રદ સ્લીપ આપવામાં આવશે.

♦ **૫ કિ.મીની દોડ (કવોલીફાઈંગ) :** ઊંચાઈ બારમાં લાયક થતાં ઉમેદવારોએ ૨૪ મિનિટમાં ૫ કિ.મી.ની દોડ પુરી કરવાની રહેશે. **નોંધ :** ૫ કિમીની દોડમાં નાપાસ ઉમેદવારો ભરતીમાંથી રદ થશે અને તેમને તેના કારણ અંગે રીજેકશન સ્લીપ આપવામાં આવશે.

♦ **તબક્કો : ૧ : પીઈટી/પીએસટી (કોન્સ્ટેબલ ડ્રાઈવર અને ફિટર સિવાય તમામ જગ્યાઓ માટે)**

♦ **શારીરિક ક્ષમતા કસોટી :** ભરતીની શરૂઆતમાં જ ઉમેદવારોએ નીચે પ્રમાણે ૧.૬ કિમી દોડ પૂર્ણ કરવાની રહેશે.

પુરુષ ઉમેદવાર માટે : ૧૦ મિનિટ

મહિલા ઉમેદવાર માટે : ૧૨ મિનિટ

આ ટેસ્ટ પાત્રતા માટે છે. ઉમેદવાર તેમાં પાત્ર નહિ થાય તો ભરતી પ્રક્રિયામાંથી તે બહાર થશે અને પ્રીસાઈડીંગ અધિકારી તેમને બહાર કાઢવાની સ્લીપ આપશે.

♦ **દસ્તાવેજોની ચકાસણી :** જે ઉમેદવાર ૫ કિમીની દોડ કવોલિફાઈગ દોડમાં પૂરી કરશે તેમના મૂળ કાગળ/દસ્તાવેજો તપાસાશે અને ફકત યોગ્ય ઉમેદવારોને જ ભરતી પ્રક્રિયાના અન્ય તબક્કામાં પ્રવેશ આપશે. જો કોઈ ઉમેદવાર અપેક્ષિત કાગળ/દસ્તાવેજ/પ્રમાણપત્ર ઉપલબ્ધ નહિ કરાવે તો ભરતી પ્રક્રિયાથી બહાર કરાશે અને તેમને કોઈપણ સ્થિતમાં પ્રોવિઝનલ આધારે ભાગ લેવા દેવામાં નહિ આવે. એસસી અને એસટી, ઓબીસીના ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલી જગ્યાઓ માટે આવા ઉમેદવારોએ પુરવણી બી અને સી પ્રમાણે જાતિ પ્રમાણપત્ર રજૂ કરવાનું છે.

♦ **શારીરિક માપદંડ :**

➢ જે ઉમેદવારના દસ્તાવેજો યોગ્ય જણાશે તેમની અધિકારીઓના બોર્ડ દ્વારા ઊંચાઈ, છાતી, વજન વગેરે તપાસશે. શારીરિક માનદંડોમાં શરતો પૂરી કરશે તેમને વજનના કારણોસર નાપાસ થયેલા ઉમેદાવારોની પરીક્ષા મેડિકલ પ્રેકિટશનર દ્વારા કરવામાં આવશે.

➢ ભરતી પ્રણાલી દરમિયાન જો કોઈ ઉમેદવારને તેના શારીરિક માપદંડ અંગે સંતોષ ન જણાય તો તે ભરતી બોર્ડના પ્રિસાઈડિંગ અધિકારીને અપીલ કરી શકશે અને તેમનો નિર્ણય અંતિમ હશે.

♦ **તબીબી કસોટી પરીક્ષા :** તબીબી માપદંડ પૂર્ણ કરનાર તમામ ઉમેદવારોને આ કસોટીમાં ભાગ લેવા દેવામાં આવશે જેમાં નીચેનો સમાવેશ થાય છે.

➢ ૧૧ ફૂટ લાંબો કૂદકો (૩ પ્રયાસ આપવામાં આવશે)

➢ ૩ ફૂટ ૬ ઈંચ ઉંચો કૂદકો (૩ પ્રયાસ આપવામાં આવશે)

નોંધ : ઉમેદવારોએ ઉપરોકત તમામ કસોટી પાસ કરવાની છે. કોઈ પણ કસોટીમાં નાપાસ થતાં ઉમેદવારી ગુમાવી દેશે જેના માટે તેમને તેમના કારણો દર્શાવતી સ્લીપ આપવામાં આવશે. માજી સૈનિકો માટે કોઈ પીઈટી કસોટી નથી.

બીજો તબક્કો (લેખિત પરીક્ષા)

તબક્કા-૧ માં (પીએસટી, પીઈટી)માં પાસ ઉમેદવારોને લેખિતમાં જણાવવામા આવશે કે તેમને લેખિત પરીક્ષા અને સ્થળ માટે કઈ તારીખે હાજરી આપવાની છે. લેખિત પરીક્ષા નીચે પ્રમાણેની હશે. (૧) લેખિત પરીક્ષા ૧૦૦ ગુણની હશે એટલે કે બે ભાગમાં સામાન્ય જ્ઞાન ધો. ૧૦ પાસ વિદ્યાથીઓનું જેવું અને ભાગ ૨ ટ્રેડ જ્ઞાન. (૨) ભાગ ૧ નું પ્રશ્નપત્ર ૫૦ ગુણનું હશે જેમાં નીચેના હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો હશે. (એ) સામાન્ય જ્ઞાન, સામાન્ય સમજ (બી) પ્રાથમિક ગણિતનું જ્ઞાન (સી) એનાલિટિકલ જ્ઞાન (ડી) નિરિક્ષણ શકિત (ઈ) અંગ્રેજી અને હિન્દીનું જ્ઞાન. પ્રશ્નપત્ર અંગ્રેજી અને હિન્દી એમ બન્ને ભાષાઓમાં રહેશે. (૩) ભાગ-૨ નું પ્રશ્નપત્ર ૫૦ ગુણનું હેતુલક્ષી પ્રકારનું હશે જેમાં ઉમેદવારોના ટ્રેડ અંગેની જાણકારી હશે. કોઈ ચોક્કસ ટ્રેડ માટે અરજી કરતા ઉમેદવારોને ટ્રેડનું પેપર આપવામાં આવશે. (૪) પ્રશ્નપત્રમાં ઉત્તરો હિન્દી કે અંગ્રેજીમાં આપવાના છે. (૫) ભાગ-૧ અને ૨ ના પેપરોના જવાબો પેનનો ઉપયોગ કરીને આપવાના રહેશે. પેન્સીલના ઉપયોગની મંજૂરી નથી. (૬) લેખિત પરીક્ષાનો સમયગાળો ૨ કલાકનો રહેશે. (૭) લેખિત પરીક્ષાના પુનમુલ્યાંકન અને ફરી યોજવા અંગે કોઈ પણ પત્રવ્યવહારને ધ્યાનમાં નહિ લેવામાં આવે. (૮) ઉમેદવારોએ લેખિત પરીક્ષા માટે કલીપ બોર્ડ અને પેન લાવવાની રહેશે. (૯) મોબાઈલ ફોન, કેલકયુલેટર કે અન્ય ઈલેકટ્રોનીક ઉપકરણો પર પ્રતિબંધ રહેશે તેથી ઉમેદવારો કસોટી વખતે આવા ઉપરકરણો ન લાવે. જો આવી ચીજો જણાશે તો તેને અયોગ્ય ઉપયોગ તરીકે ગણાશે અને યોગ્ય પગલાં લેવામાં આવશે. (૧૦)લેખિત પરીક્ષાનું પરિણામ લેખિત પરીક્ષાના સેન્ટર ખાતે ડિસપ્લે કરવામાં આવશે. ઉમેદવારોને લેખિત પરીક્ષાની તારીખ અંગે જણાવવામાં આવશે. લેખિત પરીક્ષામાં પાસ થતાં ઉમેદવારોએ પરીક્ષા કેન્દ્ર ખાતેથી પરિણામ જોયા પછી ટ્રેડ પરીક્ષા આપવાની છે. અલગ લેટર કે લેખિત પત્ર ટ્રેડ ટેસ્ટ માટે આપવામાં નહિ આવે.

ત્રીજો તબક્કો (ટ્રેડ ટેસ્ટ)

લેખિત પરીક્ષામાં લાયક ઠરતા ઉમેદવારોએ ટ્રેડ ટેસ્ટ આપવાનો રહેશે. ટ્રેડ ટેસ્ટ કવોલિફાઈડ હશે. ટ્રેડ ટેસ્ટ દરમિયાન ઉમેદવારને જે તે ટ્રેડ સંબંધિત કામ પૂરું કરવાનું જણાવવામાં આવશે. ૫૦ માર્કના ટ્રેડ ટેસ્ટ માટે પાસ માટે ઓછામાં ઓછા ૨૦ ગુણ લાવવાના છે. દરેક ટ્રેડ માટેના પેરામિટર નીચે પ્રમાણે છે.

૧.	ડ્રાઈવર	:	ડ્રાઈવિંગનું જ્ઞાન, હેન્ડલિંગ ડ્રાઈવિંગ, પાર્કિંગ અને લાઈટ અને ભારે વાહનોની મરામત.
૨.	ફિટર	:	ઓટોમોબાઈલ ફિટર મોટર મિકેનીક ટ્રેડનું જ્ઞાન અને ટુલ હેન્ડલ કરવા.
૩.	બ્યુગલર	:	બ્યુગલ વગાડવાનું જાણતા હોય.
૪.	દરજી	:	વ્યકિતઓનું માપ લઈ શકતો હોવો જોઈએ, કટિંગ એન્ડ સ્ટીચિંગ ઓફ ટેરી કોટન યુનિફોર્મ સિવિલ કલોથ કટિંગ એન્ડ સ્ટીચિંગ ઓફ વોર્મ કલોથ, યુનિફોર્મ.
૫.	મોચી	:	તેમના ટ્રેડનું જ્ઞાન હોવું જોઈએ. બુટ પોલિશ, ઉપકરણો વાપરવા ચામડું કાપવું સાંધવું અને સ્ટીચીંગ ગરમ કપડા યુનિફોર્મ વગેરે. નવા બુટ બનાવવા.
૬.	સુથાર	:	ઉપકરણો હેન્ડલ કરવા, લાકડા કાપવા, ફિટિંગ, પોલીશિંગ અને મટીરીયલ ફિનિશિંગ, બારી-બારણાં લગાડવાનું જ્ઞાન બારીઓ પર કાચ લગાડવાનું કામ, લાકડાના બોક્ષ, રેક.
૭.	માળી	:	વૃક્ષારોપણની જાણકારી, છોડવાઓનું જતન, બીજની જાણકારી અને રોપવાની મોસમ, ખાતર અને પાણી.
૮.	રસોઈયા	:	૧૦૦ વ્યકિતઓ માટે રોટલી અને ભાત/શાક/દાળ/સંભાર/ઈડલી વગેરે બનાવવું. મીટ/માંછલી ઈંડા/ખીર વગેરે બનાવવું.
૯.	વોટર કેરીયર	:	વાસણો ધોવા, ૧૦૦ વ્યકિતઓ માટે રોટલી બનાવવા માટે લોટ બાંધવો અને શાકભાજી કાપવી.
૧૦.	સફાઈવાળા	:	ફર્શ, ખાલી સ્થાન પર પોતું મારવું કર્મચારી અને શૌચાલયો તથા બાથરૂમ સાફ કરવું.
૧૧.	વાળંદ	:	ઉપકરણો ઉપયોગ, વાળ અને દાઢી કટિંગ કરવું
૧૨.	ધોબી	:	કપડા ધોવા, ખાખી કોટન વર્દી અને ટેરિકોટન વર્દી પર ઈસ્ત્રી કરવી.

(બી) **તબીબી પરીક્ષા માટે ઉમેદવારોની પસંદગી**

ઉમેદવારોની સંખ્યા મેડિકલી રીતે જગ્યાઓની સમાન હશે જે તબીબી કસોટી દરમિયાન નિષ્ફળતા દર પ્રમાણે હશે.

(સી) તબીબી કસોટી માટે પસંદગી પામેલા ઉમેદવારોની વિગતો લેખિત પરીક્ષા સેન્ટર ખાતે મૂકવામાં આવશે. ઉમેદવારોને લેખિત પરીક્ષાની તારીખ અંગે જણાવવામાં આવશે.

ચોથો તબક્કો (તબીબી પરીક્ષા)

(એ) ટ્રેડ ટેસ્ટ અને નિર્ધારીત ગુણમાં લાયક ઠરતા ઉમેદવારો (લેખિત પરીક્ષાના માર્ક પ્રમાણે) ની શારીરિક અને તબીબી ફિટનસની ચકાસણી કરવામાં આવશે તબીબી કસોટી દરમિયાન હંગામી અનફિટનેસ આપવામાં આવશે.

પાંચમો તબક્કો : અંતિમ મેરિટ યાદી બનાવવી.

તબીબી પરીક્ષા પૂર્ણ થયા બાદ વિવિધ અનામત કેટેગરી મુજબ જગ્યાની અંતિમ મેરિટ યાદી બનાવાશે.

છઠ્ઠો તબક્કો : (અંતિમ પસંદગી)

(૧) ઉમેદવારને અંતિમ પસંદગી શ્રેણીમાં લેખિત ટેસ્ટની યાદીના આધારે કરવામાં આવશે. જે નીચે પ્રમાણે છે.

(ક) સામાન્ય, ભુ. સૈ. : ૩૫ ટકા

(ખ) એસસી, એસટી,ઓ.બી.સી. : ૩૩ ટકા

❑ ઉમેદવારે નીચેના મૂળ દસ્તાવેજની નકલો ભરતીના સમયે લાવવાના છે.

♦ શૈક્ષણિક લાયકાત

♦ જન્મતારીખ (ધોરણ ૧૦ પાસ પ્રમાણપત્ર)

♦ નિવાસી રાજ્યની સાબિતી તરીકે સક્ષમ અધિકારીનું નિવાસી પ્રમાણપત્ર

♦ એસસી, એસટી અને ઓબીસી પ્રમાણપત્ર જ્યાં લાગુ હોય ત્યાં, જેને રાજપત્રિત અધિકારી દ્વારા જારી કરવામાં આવેલું હોય. જેમાં તેમનો હોદ્દો મામલતદારની નીચે ન હોય. જેનો પત્ર અને બી. અને સી આપવામાં આવેલું હોય.

♦ મૂળ ડ્રાઈવિંગ લાઈસન્સ અને ટેકનીકલ ટ્રેડ:, પ્રોફેશનલ પ્રમાણપત્ર.

♦ એક વર્ષનું અનુભવ પ્રમાણપત્ર (કોન્સ્ટેબલ ફિટર માટે પેરા-૮ (બી) ૧ માં જણાવ્યા પ્રમાણે

♦ માજી સૈનિક માટે ડિસ્ચાર્જ પ્રમાણપત્ર

♦ વાંધા નહિ પ્રમાણપત્ર સરકારી, અર્ધ સરકારી વિભાગનું.

♦ સીઆરપીએફ કર્મચારીઓ સેવાના કિસ્સામાં હોમ સ્ટેટ કરતા અન્ય કોઈ રાજ્ય વતી અરજી કરતા હો તેઓ પુરવણી ઈ પ્રમાણે પ્રમાણપત્ર રજુ કરે.

♦ ચાર પાસપોર્ટ સાઈઝના ફોટાઓ.

♦ મુળ પ્રમાણપત્રોની ઉપરાંત ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાત, જાતિ, ટેકનીકલ ટ્રેડ અને અનુભવ પ્રમાણપત્ર, ડ્રાઈવિંગ લાઈસન્સ વગેરે ગેઝેટેડ ઓફિસર દ્વારા પ્રમાણિત.

♦ જો કોઈ ઉમેદવાર અયોગ્ય જણાય અથવા કોઈપણ માહિતી છુપાવતો જણાય તે કે તેણીની નિમણુંક, પસંદગી પહેલા કે પછી તો તે કે તેણીની ઉમેદવારી રદ થશે.

❑ **સામાન્ય સૂચનાઓ**

♦ સંબંધિત ભરતી બોર્ડનો નિર્ણય અંતિમ હશે.

♦ નિમણુંક થતાં ઉમેદવારોને સીઆરપીએફ ધારાના ધારાધોરણો લાગુ પડશે સરકારી સુચના નિયમો પ્રમાણે સમયાનુસાર લાગુ પડતા હોય તેવા ધારાધોરણો પ્રમાણે.

♦ ઉમેદવારે આ પસંદગી ટેસ્ટ માટે પોતાના ખર્ચે હાજર રહેવું પડશે, તેના માટે કોઈપણ પ્રકારનું ભથ્થું નહિં આપવામાં આવે. ભરતી સમય ગાળામાં રોકાવાની સગવડ પોતાની રીતે કરવી પડશે. ૨૦-૩૦ દિવસની રોકાણની તૈયારી કરીને આવવું.

♦ ઉમેદવારોએ રેસ કે પીઈટી માટે પુરતી પ્રેક્ટિશનની સલાહ આપવામાં આવે છે. તેમને નિર્ધારિત અંતરની દોડ માટેની પોતાની પાત્રતા અંગેની પણ સલાહ આપવામાં આવે છે. વિભાગ, ભરતી ટેસ્ટ દરમ્યાન કોઈપણ પ્રકારની દુર્ઘટના ઈજા માટે જવાબદાર રહેશે નહિં.

(અનુસંધાન પાના નં. ૫ ઉપર)

કેન્દ્રીય અનામત પોલીસ દળ

કોન્સ્ટેબલ (ટેકનીકલ/ટ્રેડસમેન)ની ભરતી

ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૦/૩/૨૦૧૬

સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ, સઘર્ન સેક્ટર કોન્સ્ટેબલ (ટેકનીકલ અને ટ્રેડસમેન)ની ભરતી યોજી રહ્યું છે. જેઓ સામાન્યપણે ગુજરાતના રહેવાસી હોય તેવા પુરુષ/મહિલા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. ઉમેદવારો ફક્ત એક જ જગ્યા માટે અરજી કરી શકશે. (એક થી વધુ જગ્યા માટે અરજી કરવામાં આવી હશે તો ગેરલાયક ગણાશે.)

ઓનલાઈ અરજી વેબસાઈટ www.crpfindia.com મારફતે કરી શકાશે.

હોદ્દા/કાર્યનું નામ	જનરલ	જનરલ એક્સ. સર્વિસ મેન	ઓબીસી	ઓબીસી એક્સ. સર્વિસ મેન	એસસી	એસસી એક્સ. સર્વિસ મેન	એસટી	એસટી એક્સ. સર્વિસ મેન	કુલ
કોન્સ્ટેબલ ડ્રાઈવર (પુરૂષ)	૧૩	૨	૮	૧	૨	૦	૪	૦	૩૦
કોન્સ્ટેબલ ફીટર (પુરૂષ)	૬	૧	૪	૧	૧	૦	૨	૦	૧૫
કોન્સ્ટેબલ બ્યુગલર (પુરૂષ)	૮	૧	૪	૧	૧	૦	૩	૦	૧૮
કોન્સ્ટેબલ દરજી (પુરૂષ)	૨	૦	૧	૦	૦	૦	૦	૦	૩
કોન્સ્ટેબલ મોચી (પુરૂષ)	૨	૦	૨	૦	૦	૦	૧	૦	૫
કોન્સ્ટેબલ સુથાર (પુરૂષ)	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧
કોન્સ્ટેબલ માળી (પુરૂષ)	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૨
કોન્સ્ટેબલ રસોઈયા (પુરૂષ)	૧૦	૧	૫	૧	૧	૦	૩	૦	૨૧
કોન્સ્ટેબલ વોટર કેરીયર (પુરૂષ)	૫	૧	૩	૦	૧	૦	૨	૦	૧૨
કોન્સ્ટેબલ સફાઈ કામદાર (પુરૂષ)	૪	૦	૨	૦	૧	૦	૧	૦	૮
કોન્સ્ટેબલ વાળંદ (પુરૂષ)	૧	૦	૧	૦	૦	૦	૧	૦	૨
કોન્સ્ટેબલ ધોબી (પુરૂષ)	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧
કોન્સ્ટેબલ બ્યુગલર (મહિલા)	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧
કોન્સ્ટેબલ રસોઈયા (મહિલા)	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧
કોન્સ્ટેબલ સફાઈ કામદાર (મહિલા)	૩	૦	૧	૦	૦	૦	૦	૦	૪
કોન્સ્ટેબલ વોશર વુમન (મહિલા)	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧
કુલ	**૫૯**	**૬**	**૩૪**	**૪**	**૭**	**૦**	**૧૭**	**૦**	**૧૨૭**

- જગ્યાઓ ઉપર મુજબની બહાર પાડેલી/ જગ્યાઓમાં વહીવટી કારણોસર ફેરફાર થઈ શકે.
- ઉપરોક્ત જગ્યાઓ માટે ભરતી માટે અધિવાસનો દરજ્જો જરૂરી રહેશે. આન્ધ્રપ્રદેશ, કર્ણાટક, તામીલનાડુ, મહારાષ્ટ્ર અને ગુજરાતના ઉમેદવારોને તેમના જ રાજ્ય માટેની ભરતી માટે યોગ્ય ગણાશે તે પણ ''અધિવાસનું પ્રમાણપત્ર'' (ડોમી સીઈલ સર્ટિ.) આપવાથી જે રાજ્ય /કે.શા.પ્ર.ની મહેસુલી સત્તાવાળાઓ અધિકૃત રીતે ઈસ્યુ કર્યું હોય.
- ઉમેદવાર એક જ જગ્યા (ટ્રેડ) માટે અરજી કરી શકશે. જે કોઈ ઉમેદવાર એકથી વધુ જગ્યા/ ટ્રેડ માટે અરજી કરશે તેમની વિચારણા એક જ જગ્યા/ટ્રેડ માટે વિચારાશે.
- જો એક્સ સર્વિસમેન ઉમેદવાર ઉપલબ્ધ નહિ હોય એક્સ સર્વિસમેન માટે અનામત જગ્યાઓ જે તે કેટેગરીમાં ઓપન ઉમેદવારોમાંથી ભરાશે
- **પગાર ધોરણ :** ઉપરોક્ત જગ્યાઓ માટે બેન્ડ-૧ રૂા.૫૨૦૦-૨૦,૨૦૦ સાથે ગ્રેડ પે રૂા.૨૦૦૦/-
- **અન્ય ભથ્થા :** કેન્દ્ર સરકારના કર્મચારીઓને વખતોવખત નિયમો હેઠળ મળવાપાત્ર.
- **ફરજનું સ્થળ :** નિમણુંક માટે પાત્ર ઉમેદવારે પસંદગી માટે ભારતમાં ગમે ત્યાં ફરજ બજાવવી પડશે.
- નવી કન્ટ્રીબ્યુટરી પેન્શન સ્કીમ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટેની ૧-૧-૨૦૦૪થી અમલમાં આવી છે તે તમામ પસંદગી પામેલ ઉમેદવારોને લાગુ પડશે.
- જે વ્યક્તિ સરકારી / અર્ધસરકારીના વિભાગમાં ફરજ બજાવતા હોય તેમણે '' કોઈ વાંધો નથી'' નું પ્રમાણપત્ર રોજગાર દાતાનું ભરતી વખતે રજુ કરવું પડશે. (સ્ટેજ નં.૧: પીએચટી/ પીઈટી વખતે)
- નોકરી કરતા સીઆરપીએફના જવાનોના સંતાનો કે જેઓ તેમના માતા-પિતા સાથે રહેતા હોય તેમણે તેમના ગૃહ રાજ્ય અથવા જ્યાં તેમના માતા/પિતા ફરજ બજાવતા હોય/નિયુક્ત હોય ત્યાંથી કરી શકશે. આ રાહત મેળવવા ભરતીની પ્રક્રિયા (સ્ટેજ-૧) વખતે યોગ્ય પ્રમાણપત્ર જ્યાં કામ કરતા હોય તે કચેરીના વડાના પ્રમાણપત્રને રજુ કરી મેળવી શકાશે આ અંગેનું ફોરમેટ એનેક્ષર 'ઈ'માં છે.
- **ઉપરોક્ત જગ્યા માટે પાત્રતાની શરતો નીચે મુજબ છે.**
- **શૈક્ષણિક લાયકાત :** માન્ય બોર્ડ/યુનિવર્સિટીમાંથી મેટ્રિક કે સમકક્ષ.
- **ટેકનિકલ લાયકાત**

૧. કોન્સ્ટેબલ (ફીટર)ની જગ્યા માટે, ઉમેદવાર NCVT/ SCVT અથવા અન્ય માન્ય સંસ્થામાંથી બે વર્ષનો મિકેનિકલ મોટર વ્હીકલનો આઈ.ટી.આઈ. કોર્સ કરેલો હોવો જોઈએ. આ ઉપરાંત સબંધીત ટ્રેડનો એક વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.

૨. કોન્સ્ટેબલ (ડ્રાઈવર)ની જગ્યા માટે, ઉમેદવાર પાસે ટ્રાન્સપોર્ટ વ્હીકલ ચલાવવા અંગેનું કાયદેસરનું ડ્રાઈવીંગ લાયસન્સ હોવું જરૂરી છે. ભરતી સમયે ડ્રાઈવીંગ ટેસ્ટમાં પાસ થવું જરૂરી છે.

૩. કોન્સ્ટેબલ (બ્યુગલર/દરજી/મોચી/માળી//સુથાર/વાળંદ/ રસોઈયા/વોટર કેરિયર/સફાઈ કર્મચારી/વાળંદ/ધોબી) માટે, ઉમેદવાર પાસે સારું વર્કિંગ નોલેજ જે તે ટ્રેડનું હોવું જરૂરી છે.

૪. ભરતી વખતે ઉમેદવારે ટ્રેડ ટેસ્ટ પસાર કરવો પડશે.

- **ઉંમર :** તારીખ ૧-૧-૨૦૧૬ના રોજ ૧૮ થી ૨૩ વર્ષ વચ્ચે (કોન્સ્ટેબલ - ડ્રાઈવર માટે ૨૧ થી ૨૭ વર્ષ).
- **છૂટ :**

એ. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના ઉમેદાવારોને ઉપરની વયમર્યાદામાં ૫ વર્ષની અને અન્ય પછાત વર્ગ માટે ૩ વર્ષની છૂટ અપાશે.

બી. વર્ષ ૧૯૮૪ના રમખાણોમાં મૃતકોના આશ્રિતો/બાળકોને પણ ૫ વર્ષની છૂટ અપાશે. જે ઉમેદવાર એસસી/એસટી અને અ.પ. વર્ગનો હશે તો તેને આ છૂટ તેને (એ)માં આપેલી છૂટ ઉપરાંતની હશે. આ છૂટ મેળવવા ઉમેદવારોએ સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ઈસ્યુ થયેલું પ્રમાણપત્ર સાથે બિડવું પડશે જે જિલ્લામાં મૃત્યુ થયું હોય.

સી. પર્સનલ, કાર્મિક, ગ્રીવન્સીસ અને પેન્શન (પેન્શન અને તાલીમ) મંત્રાલયની અધિસૂચના સે.૧૫૦૧૨/૭/૧૯૯૧, સ્થા.(ડી)તા.૮-૧૨-૨૦૦૫ના મુજબ ઉમેદવાર જમ્મુ-કાશ્મીરમાં તા.૧-૧-૮૦ થી ૩૧-૧૨-૮૯ સુધી રજ્ઞા હોય તેમને પણ વયમર્યાદામાં ૫ વર્ષની છૂટ અપાશે. જે ઉમેદાવરને આ શ્રેણીમાં સવલત જોઈએ તે ૧-૧-૮૦ થી ૩૧-૧૨-૮૯ સુધી જમ્મુ-કાશ્મીરમાં નિવાસ કરતા હતા તેનું પ્રમાણપત્ર જિલ્લા મેજિસ્ટ્રેટનું કે કોઈ અન્ય સત્તાધિકારીનું જે જમ્મુ-કાશ્મીર સરકાર માન્ય હોય તેનું આપવું પડશે. આવું પ્રમાણપત્ર જરૂર આપવું પડશે.

ડી. વર્ષ ૨૦૦૨ના રમખાણોમાં મૃતકના આશ્રિત/બાળકો માટે પણ ૫ વર્ષની છૂટ રહેશે. જો ઉમેદવાર એસસી/એસટી અને અન્ય પછાત વર્ગનો હોય તો તેને આ છૂટ (એ)માં આપેલ છૂટ ઉપરાંત મળશે. આ છૂટ મેળવવા ઉમેદવારે સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા અપાયેલ પ્રમાણપત્ર સાથે બિડવું પડશે. તે જિલ્લાનું કે જ્યાં મૃત્યુ પામ્યા હોય.

- **શારીરિક માપદંડ :**
- **ઊંચાઈ :**સામાન્ય શ્રેણીના પુરુષ ઉમેદવાર-૧૭૦ સે.મી. મહિલા ઉમેદવારો માટે : ૧૫૭ સે.મી.
- **છૂટ :** તમામ અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે લઘુતમ ઊંચાઈ નીચે પ્રમાણે છે. પુરુષ ઉમેદવાર-૧૬૨.૫ સે.મી. મહિલા ઉમેદવારો માટે : ૧૫૦ સે.મી.
- **છાતી :** સામાન્ય શ્રેણીના ઉમેદવારો માટે ફુલાવ્યા વિના ૮૦ સે.મી. ફૂલાવીને ૮૫ સે.મી. (ઓછામાં ઓછું ૫ સે.મી.ફુલવું જોઈએ)
- **છૂટ :** તમામ અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે છાતીની લઘુત્તમ પહોળાઈ ફુલાવ્યા વિના ૭૬ સે.મી. અને ફુલાવીને ૮૧ સે.મી. જરૂર.
- **વજન :** તબીબી માપદંડ મુજબ વય/ઊંચાઈ મુજબ.
- **તબીબી ધોરણ :** (એ) આંખની દ્રષ્ટિ : ૧. ચશ્મા વિના બંને આંખોથી લઘુત્તમ દ્રષ્ટિ ૬/૬ અને ૬/૯ કોઈ દ્રષ્ટિ વિના. ૨. રંગ/વર્ણાન્ધતા ન હોવી જોઈએ. (બી) ઉમેદવારને ધનુષાકાર પગ, પરસ્પર ટકરાતા ઘુંટણ, સપાટ તળિયા, વેરીકોસ વેન, આંખ ત્રાંસી હોવી ન હોવું જોઈએ અને રંગોને ઓળખી શકતા હોવા જોઈએ. તેઓ માનસિક/શારીરિક રીતે સ્વસ્થ હોવા જોઈએ. તેમનામાં કોઈ દોષ ન હોય જેથી અસરકારક રીતે ડયુટી બજાવવામાં અડચણ પેદા થાય.
- **માજી કર્મચારીઓ માટે ફરી રોજગારી માટેની પાત્રતા :**

સીઆરપીએફમાં માજી સૈનિકોની ભરતી માટે નીચેની છુટછાટો આપવામાં આવશે.

(એ) તબીબી માપદંડ : તમામ છુટછાટ

(બી) શૈક્ષણિક લાયકાત : તમામ છુટછાટ

(સી) ચારિત્ર પ્રમાણપત્ર : ઓછામાં ઓછી જરૂરિયાત સારી કેટેગરીમાં હોવી જોઈએ.

(ડી) તબીબી માપદંડ : આકાર-આઈ

(ઈ) **ઉપલી વયમર્યાદામાં છુટછાટ :** લશ્કરી સેવામાં છુટછાટ વત્તા ૩ વર્ષ ડીઓપીટી નોટિફિકેશન નં. ૩૦૧૬-૧૦-૭૯ એસ્ટે : આઈ તા.૧૫-૧૨-૭૯. આર્મી સેવા અને સીઆરપીએફમાં પુનઃ રોજગારી માટેનો સમયગાળો ૨૪ મહિના કરતા વધારે ન હોવો જોઈએ.

(એફ) માજી સૈનિકો માટે સીઆરપીએફમાં ભરતી ખાતે દોડ/PET લેવામાં નહીં આવે. તેમ છતાં પણ માજી સૈનિકોએ લેખિત પરીક્ષા, ટ્રેડ, ટેસ્ટ અને તબીબી પરીક્ષામાં હાજરી આપવાની રહેશે.

(જી) માજી સૈનિકોને પુન રોજગારી માટે આપવામાં આવેલો અનામત લાભ લીધા પછી નિયમિત ધોરણે ગ્રુપ સી ની જગ્યાઓમાં કેન્દ્ર સરકારના સિવિલ સાઈડમાં નોકરી મેળવનાર માજી સૈનિકો માજી સૈનિક કેટેગરી હેઠળ અનામત લાભના દાવા માટે ફી છુટછાટ માટે પાત્ર નથી.

- **અરજી અને અરજી ફી :**

➢ ઉમેદવારોએ CRPFની વેબસાઈટ www.crpfindia.com અથવા www.crpf.nic.in ઉપર તા. ૧૦-૩-૨૦૧૬ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની છે. ટપાલ દ્વારા અરજી સ્વીકારવામાં આવશે નહીં.

- **પરીક્ષા ફી :**

➢ ઉમેદવારોએ પરીક્ષા ફી તરીકે રૂ. ૫૦ ચૂકવવાના છે. મહિલા ઉમેદવારોએ, અ.જા./અ.જ.જા. એક્સ સર્વિસમેન ઉમેદવારોએ પરીક્ષા ફી ચૂકવવાની નથી. પરીક્ષા ફી એસ.બી.આઈ.ના ચલન દ્વારા નેટ બેન્કીંગ દ્વારા ક્રેડિટકાર્ડ/કેબિટ કાર્ડ દ્વારા

(અનુસંધાન પાન નં. ૭ ઉપર)

મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.